# ગ્રેડ પે પ્રશ્ને ગાંધીનગર બન્યું રણસંગ્રામ



## એલસીબી કચેરી ખાતે આપ અને કોંગ્રેસના આગેવાનો આવી પહોંચ્યા

સમગ્ર રાજયમાં ગ્રેડ પે મુદ્દે પોલીસનું આંદોલન ધીમે ધીમે વેગવંતુ બનતુ જાય છે. ત્યારે પાટનગરમાં પણ ગ્રેડ પે મુદ્દે બાપુનગરના હેડ કોન્સ્ટેબલ વિધાનસભા ખાતે ધરણા પર બેઠા હતા. જેથી પોલીસ કર્મચારીને તાત્કાલીક હટાવી લઈને એલસીબી કચેરી ખાતે લઈ ગયા હતા. જયાં મોડી રાત સુધી હેડ કોન્સ્ટેબલને છોડાવવા માટે પોલીસ જવાનોના પરિવારજનો, વિવિધ સંસ્થાના આગેવાનો, આપ પાર્ટીના ઈસુદાન ગઢવી અને હસમુખ પટેલ આવી પહોચ્યા હતા. તો બીજીતરફ દહેગામ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કામીનીબા રાઠોડ પણ આવી પહોંચતા ગ્રેડ પેના આંદોલને રાજકીય રંગ પકડ્યો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે મોડી રાત્રે બાપુનગરના કોન્સ્ટેબલ હાર્દિક પંડ્યાને મુકત કરાયા હતા.

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ગ્રેડ પે મુદ્દે પોલીસ મહા આંદોલન ચાલી રહ્યું છે. પોલીસ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં છાવણી ખાતે ઉમટી પડ્યા છે. છેલ્લા કેટલાક સમયથી પોલીસ કર્મચારીઓની ૧૩ જેટલી માંગણીઓ મુદ્દે લડત ચાલી રહી છે. તેમ છતા આજદિન સુધી એકપણ માંગણી સંતોષાઈ નથી. ત્યારે પોલીસ પરિવારના સભ્યો હવે છાવણી ખાતે લડતના મંડાણ કરી ચુક્યા છે.



મળતી વિગત મુજબ પોલીસ કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં નવિન ગ્રેડ પે મુજબ પોલીસ કોન્સ્ટેબલ રૂ.૨૮૦૦, હેડ કોન્સ્ટેબલ રૂ.૩૬૦૦ તેમજ એએસઆઈને રૂ.૪૨૦૦ ગ્રેડ પે આપવો, પગાર પંચ મુજબ રજા બિલ આપવુ(જાહેર રજા પગાર બંધ કરવો નહી), નોકરીનો સમય ૮ કલાકનો કરવો તેમજ તેમજ એક કલાકના ભથ્થા પેટે રૂ.૧૦૦ ચુકવવા, પોલીસ કર્મચારીને સાયકલ એલાઉન્સ રૂ.૨૦ આપવામાં આવે તે વધારીને રૂ.૫૦૦ કરવુ, વોશીંગ એલાઉન્સ દર માસે રૂ.૨૫ અપાય છે તેને વધારીને રૂ.૯૦૦ કરવામાં આવે, ટ્રાવેલ્સ એલાઉન્સ ૪૦૦ થી વધારીને રૂ.૧૫૦૦ આપવું. અઠવાડીયમાં એક રજા કર્મચારીને આપવી, બાળકોને ટયુશન ફી આપવી, પોલીસ કર્મચારીના મેડીકલેઈમની ૭૫ ટકા રકમ સરકારને ચુકવવી, ચાર જોડી યુનિફોર્મ આપવો, જયારે પોલીસ કર્મચારીને ફીકસ પગાર તાલિમ પુરતો જ રાખવો તેમજ તાલિમ બાદ ફુલ પગાર ધોરણ આપવું સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે.ત્યારે પોલીસના ગ્રેડ પે મુદ્દે ચાલી રહેલા આંદોલને રાજકીય રંગ પકડી પાડ્યો છે. તો બીજીતરફ જેમ જેમ સમય જાય છે તેમ પોલીસ પરિવારના સભ્યો આંદોલનને સમર્થન આપી રહ્યા છે. વિવિધ સંસ્થાઓ પણ આંદોલનને સમર્થન આપી રહી છે. ત્યારે હાલ પોલીસ આંદોલન વેગવાન બન્યું હોય તેમ લાગી રહ્યું છે.

## પોલીસના મહાઆંદોલનને કોંગ્રેસ પક્ષ દ્વારા પણ સમર્થન

રાજયભરમાંથી આંદોલનકારી પોલીસ કર્મચારીઓ ગાંધીનગર તરફ દોટ મુકી રહ્યા છે. મંગળવાર સાંજ સુધીમાં આંદોલનને વધુ વેગ મળ્યો હતો. પોલીસ પરિવારના સભ્યો મોટીસંખ્યામાં છાવણી ખાતે આવી પહોંચ્યા હતા. ગ્રેડ પે ના પોલીસના આંદોલનને આપ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. ત્યારે વિપક્ષના નેતા પરેશ ધાનાણી અને ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ પણ આંદોલનને ટેકો જાહેર કર્યો હતો. પોલીસ પરિવારના મહિલા તેમજ નાના બાળકોએ સુત્રોચ્ચાર કરી નારા લગાવ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા કલેકટર અને પોલીસ વડાને આપ દ્વારા આવેદન પત્ર

પોલીસના ગ્રેડ પે મુદ્દે ચાલી રહેલા આંદોલનમાં આપ પાર્ટી દ્વારા પણ આંદોલનને સમર્થન આપ્યું છે. સત્યાગ્રહ છાવણી ખાતે સવારના



સમયથી જ પોલીસ પરિવારના નાના બાળકો સાથે પરિવારના સભ્યો આવી પહોચ્યા હતા. તો બીજીતરફ આપના કાર્યકરોએ પોલીસ આંદોલનના સમર્થનમાં ગ્રેડ પે મુદ્દે જિલ્લા પોલીસ વડા અને કલેકટરને આવેદન પત્ર પાઠવી ઝડપી યોગ્ય કરવા રજુઆત કરી હતી. સત્યાગ્રહ છાવણી ખાતે વહેલી સવારથી જ કાર્યકરો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે પોલીસ પરિવારના ધરણા

રાજયની પોલીસનો ગ્રેડ પે મુદ્દે છેલ્લા કેટલાક સમયથી શરુ થયેલા આંદોલન રાજકીય રંગે રંગાયુ છે. ત્યારે બાપુનગરના હેડ કોન્સ્ટેબલ સચિવાલય ખાતે ધરણા પર બેઠા હતા. ત્યારે પોલીસની વિવિધ માંગણીઓને લઈ પોલીસ કર્મચારીના પરિવારજનો દ્વારા ધરણા શરુ કરી દેવાયા આવ્યા છે. ધરણા પર બેઠેલા પરિવારોએ પડતર માંગણીઓની સાથે બાપુનગર પોલીસ કર્મચારી પડતર માંગણીઓની સાથે પોલીસ જવાનનું સસ્પેન્શન રદ કરવાની પણ ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

# રાજયની ચાર ઊર્જા કંપનીઓમાં ઈન્ટરકંપની ટ્રાન્સફર પુનઃ શરૂ કરવા માંગ

**રાજયના વીજ કર્મચારીઓના પરિવારજનોએ ઉર્જામંત્રીને મળી આવેદનપત્ર આપવા સાથે રજૂઆત કરી : અગાઉ પોલીસી અમલમાં મુકાઈ હતી ત્યારે ૪૧૫૦ અરજીઓ પૈકી ૮૫૧ને ટ્રાન્સફર મળ્યા બાદ બંધ કરી દેવાતા બાકીના ૩૩૦૦ કર્મચારીઓ અટવાઈ ગયા છે**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં આજે આંદોલન દિવસ બની ગયો હતો. એક તરફ જયાં ગ્રેડ પે મુદ્દે પોલીસ પરિવારો આંદોલન કરી રહ્યા હતા ત્યાં બીજી તરફ રાજયના વીજ કર્મચારીઓના પરિવારજનો ઈન્ટર કંપની રિકવેસ્ટ ટ્રાન્સફર પોલીસી બાબતે સરકારમાં રજુઆત કરવા આવી પહોંચ્યા હતા. તેમણે ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈને મળીને આ મુદ્દે વિગતવાર રજુઆત કરવા સાથે આવેદનપત્ર આપીને સત્વરે આ પ્રશ્ન ઉકેલવા અનુરોધ કર્યો હતો.

રાજયમાં કોઈ પણ ઋતુ હોય કે કોરોનાકાળ હોય પણ સતત આવશ્યક સેવા અંતર્ગત ફરજ બજાવતા વીજ કર્મચારીઓ પોતાના જીવના જોખમે પણ રાજયમાં અવિરત વીજ પુરવઠો પુરો પાડવા કાર્યરત રહે છે. વર્ષ ૨૦૦૫માં ગુજરાત ઉર્જા વિભાગ જીઈબીના ઝોન વાઈઝ ચાર અલગ અલગ કંપનીમાં પરિવર્તિત કરવામાં આવ્યો અને તેની ઉપર એક મુખ્ય કંપની બનાવવામાં આવી હતી. આ વિભાજનને કારણે જીઈબીના કર્મનિષ્ઠ કર્મચારીઓની વતનમાં બદલીનો પ્રશ્ન ઉભો થવા પામ્યો હતો જેને વર્ષ ૨૦૧૬માં તત્કાલીન ઉર્જા મંત્રી ચીમનભાઈ સાપરિયા દ્વારા માત્ર બે માસમાં જ 'વનટાઈમ



મ્યુચ્યઅલ ટ્રાન્સફર' ઓટીએમટી પોલીસી બનાવવામાં આવી અને તે અંગેનો પરિપત્ર પણ જાહેર કરાયો હતો જેના આધારે કુલ ૪૧૫૦ ઉમેદવારોએ વતનમાં બદલી માટે અરજી કરી હતી. આ પોલીસી અંતર્ગત આશરે ૮૫૧ કર્મચારીઓની બદલી થઈ શકી હતી અને બાકીના આશરે ૩૩૦૦ કર્મચારીઓ બાકી હતા જે હજુ પણ કાગડોળે બદલીની રાહ જોઈ રહ્યાં છે.

પોતાના વતનથી માઈલો દૂર કામ કરીને પારિવારિક તથા સામાજિક સંબંધો અંગે મુશ્કેલી અનુભવતા આ કર્મચારીઓ ન્યાય ઝંખી રહ્યા છે. વળી, સરકાર દ્વારા જીયુવીએનએલ દ્વારા સેન્ટ્રલાઈઝડ ભરતી કરવાનો પરિપત્ર પણ રદ કરી દેવાતા આ કર્મચારીઓની આશા પર પાણી ફરી વળતું જણાતા તેમના પરિવારજનોએ આજે ગાંધીનગર ખાતે ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈને મળી ઓટીએમટી પોલીસીને પુનઃ કાર્યાન્વિત કરવા આવેદનપત્ર આપીને વિનંતી કરી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા ભાજપના સભ્યોની આજે અવિધિસરની બેઠક મળી હતી.
- ગાંધીનગર મનપામાં ચૂંટાયેલી પાંખના સભ્યો પણ આજથી એકશન મોડમાં આવી ગયા છે. કઈ બ્રાન્ચમાં કયુ કામ થાય છે કોણ અધિકારી છે, ઓળખપત્ર તેમજ લેટર હેડ વગેરેના કામકાજ માટે મનપાની કચેરી ધમધમતી જોવા મળી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ''નિરામય ગુજરાત'' પ્રોજેકટનું લોંચિંગ અગાઉ ૨૯ મીએ થવાનુ હતુ પરંતુ હવે તે ૧૨મી નવેમ્બરે થશે.
- ''નિરામય ગુજરાત'' પ્રોજેકટને લઈ આજે તાલુકા આરોગ્ય અધિકારીઓ, મેડીકલ ઓફિસરો, સુપરવાઈઝરો તેમજ આયુષના તબીબોને આજે એક દિવસીય તાલિમ આપવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં જાહેર સ્થાનો પર પાર્કિંગની સમસ્યા રોજ-બરોજ વધી રહી છે.
- ગુડાનો શહેરમાં તમાવિષ્ટ થયેલા વિસ્તારમાં ડ્રેનેજ અને સ્ટ્રોમવૉટર લાઈનનું કામ અત્યંત નબળી ગુણવત્તાવાળુ હોવાનું જણાવી યોગ્ય તપાસની માંગ જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેજરજી ઠાકોરે કરી છે.
- કોંગીના બે ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા અને બળદેવજી ઠાકોર તથા ભાજપના બલરાજસિંહ ચૌહાણ કલેકટર ઓફિસની મુલાકાતે આવ્યા હતા અને અધિકારીઓ સાથે તેમના પ્રશ્નોની રજુઆતો કરી હતી.
- મહામહીમ રાષ્ટ્રપતિની સૂચિત મુલાકાતને લઈ તંત્ર દ્વારા આજે કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.
- સચિવાલયમાં આજે મુલાકાતીઓના ટોળે ટોળા આવ્યા હતા જો કે સ્વર્ણિમ સંકુલ પરિસરમાં પોલીસના ગ્રેડ પે નો મામલો સૌથી વધુ ચર્ચાતો સાંભળવા મળ્યો હતો.

# સેકટર-૨૬ રેલ્વે ક્રોંસીગ પાસે ટ્રેનની અડફેટે ત્રણ ભેંસના મોત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ રેલ્વે ટ્રેક પર પશુઓ ચરી રહ્યા હતા.તે દરમિયાન અચાનક ટ્રેનની અડફેટે ત્રણ ભેંસ આવી ગઈ હતી. જેમાં બે ભેંસનું ગંભીર ઈજાને પગલે સ્થળ પર મૃત્યું થયુ હતું. જયારે એક ભેંસને ગંભીર ઈજા થઈ હતી. જયારે બનાવની જાણ થતા રેલ્વે પોલીસ અને પશુપ્રેમીઓ ત્તાત્કાલીક સ્થળ પર દોડી આવ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ પાસે ફાટક વિનાના રેલ્વે ટ્રેક પર કેટલીકવાર અપમૃત્યુના બનાવો બનતા હોય છે. જેને પગલે રેલ્વે તંત્ર દ્વારા ઝોખમી રેલ્વે લાઈન ક્રોસ નહીં કરવાની સુચનાઓ પણ આપવામાં આવે છે. પરંતુ



રેલ્વેની સુચનાઓનું નાગરીકો ઉલ્લંઘન કરતા રહે છે. જેથી કેટલીકવાર જીવલેણ અકસ્માતો સર્જાતા હોય છે. આજે સવારના સમયે પણ નજીકના સેકટરમાંથી પશુઓને ચરવા માટે છુટા મુકી દેવામાં આવ્યા હતા. જેમાં પશુઓ ચરતા ચરતા રેલ્વે ટ્રેક તરફ આવી ગયા હતા.જેમાં ટ્રેનની અડફેટે ત્રણ જેટલી ભેંસ આવી ગઈ હતી.

આ બનાવમાં બે ભેંસનું ટ્રેન ટકરાતા મૃત્યુ થયુ હતું.જયારે એક ભેંસને ગંભીર ઈજા પહોંચી હતી. રેલ્વે લાઈન ઝોખમી હોવા છતા નાગરીકો તેને ઓળંગી રહ્યા હોય છે. જેને પગલે કેટલાક વ્યકિતઓએ પણ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ત્યારે મંગળવારના રોજ સવારે ટ્રેનની અડફેટે આવી જતા બે ભેંસના કરૂણ મૃત્યુ નિપજયા હતા. જયારે એક ગંભીર રીતે ઘાયલ થતા પશુ પ્રેમીઓ દોડી આવતા સારવાર કરાવી હતી.

# આધુનિક સાધનોથી સજ્જ રડાર સ્પીડ ગન સાથે ઈન્ટરસેપ્ટર વાનનો નવતર અભિગમ

**ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ હેઠળ ગુજરાત પોલીસને અર્પણ કરવામાં આવેલા ૪૮ ઇન્ટરસેપ્ટર વાહનો અને અકસ્માત સમયે ફર્સ્ટ રીસ્પોન્સ વ્હીકલ - રેસ્કયુ વ્હીકલ ૪૨ હાઇવે પેટ્રોલ વાહનોનું પ્રસ્થાન કરાવતા ગૃહ રાજયમંત્રી**

ગાંધીનગર, તા. ૨૬

ગૃહ વિભાગ દ્વારા ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ હેઠળ ગુજરાત પોલીસને ઓવર સ્પીડને કારણે બનતા અકસ્માતોને અટકાવવા માટેના ઈન્ટરસેપ્ટર ૪૮ વાહનો અને મુખ્ય ધોરીમાર્ગો ઉપર પેટ્રોલિંગ કરી અકસ્માત સમયે ફર્સ્ટ રીસ્પોન્સ વ્હીકલ તથા રેસ્કયુ વ્હીકલ એવા ૪૨ હાઈવે પેટ્રોલ વાહન આપવામાં આવ્યા છે. આ વાહનોને આજરોજ ગાંધીનગર ખાતેથી રાજય ગૃહ મંત્રી શ્રી હર્ષ સંધવીના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે આગામી સમયમાં પોલીસ વિભાગને વધુ સજ્જ બનાવવા માટે વિવિધ સુવિધા સાથેના ૧૧૦૦ જેટલા વિવિધ પ્રકારના જેવા કે ગાડી, ટુવ્હીલર અને અન્ય વાહનોની જરૂરિયાત મુજબ ખરીદી કરવામાં આવશે.





ગુજરાત પોલીસને અર્પણ કરવામાં આવેલી ૪૮ ઈન્ટરસેપ્ટર વાનની ડિઝાઈનીંગમાં હાઈક્વોલેટીની રિફલેકટીવ સલામતિ સ્ટ્રીપ્સ અને સાઈનેઝ અને ગુજરાત પોલીસના લોગ સાથે તૈયાર કરવામાં આવી છે. તેમજ આ વાનમાં અતિ આધુનિક લેસરસ્પીડ ગન, પીટીઝેડ કેમેરા, પબ્લીક એડ્રેસ સિસ્ટમ, મોબાઈલ નેટવર્ક વિડિયો રેકાર્ડર, અગ્નિ શામક અને ફર્સ્ટ એઈડ બોક્ષ વગેરે લગાડવામાં આવ્યા છે. આ વાન દ્વારા ઓવર સ્પીડથી જતા વાહનોને અંકુશમાં લેવાનો છે. ઈન્ટરસેપ્ટર વાન ઈનોવામાં તૈયાર કરવામાં આવી છે. આ ૪૮ ઈન્ટરસેપ્ટર વાનની અને અંદર ગોઠવણી કરવામાં આવેલા ટેકનોલોજી સજ્જ સાધનો સાથે કુલ કિંમત



રૂપિયા ૧૦ કરોડ ૪૬ લાખથી વધુની થાય છે. આ વાન અમદાવાદ શહેરને ૪, સુરત શહેરને ૩, રાજકોટ શહેરને ૨, વડોદરા શહેરને ૨ તથા જિલ્લાઓમાં એક- એક મળી કુલ- ૪૮ ઈન્ટરસેપ્ટર વાહનોની ફાળવણી કરવામાં આવી છે.

સચિવાલય સંકુલ ખાતે યોજાયેલ વાહન પ્રસ્થાન સમારંભમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા, ગૃહ સચિવ નિપુણા તોરવણે, રાજયના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી આશિષ ભાટિયા, આયોજન અને આધુનિકરણના અધિક પોલીસ મહાનિર્દેશક નરસિમ્હા કોમાર, સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના પોલીસ મહાનિરીક્ષક પીયૂષ પટેલ, એડિશનલ ડી.જી.પી. નીરજા ગોટરૂરાવ, એડિશનલ ડી.જી.પી. આર.બી. બ્રહ્મભટ્ટ, રેન્જ આઈ.જી. અભય ચુડાસમા, આઈ.જી.પી. અર્ચના શિવહરે અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડા સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.